**:: – આંક–૧ લગત હુકમ :: –**

રેકર્ડ વંચાણે લેતાં દરખાસ્ત વાદીએ હાલની દરખાસ્ત રૂ.૨૦,૩૨૪/– વસુલ મેળવવા માટે કરેલી છે. ત્યારબાદ દરખાસ્ત પ્રતિવાદીને નોટીશ બજતા તેઓ હાજર થયેલા નહી જેથી દરખાસ્ત વાદીની આંક–૦૬ વાળી અરજીના આધારે દરખાસ્ત પ્રતિવાદી સામે જંગમ વોરંટ કાઢવાનો હુકમ થતાં તે મુજબ જંગમ વોરંટ ઇશ્યુ કરવામાં આવેલ. જેની બજવણી કરવા જતાં દરખાસ્ત પ્રતિવાદી મળી આવેલા નહી. જેથી દરખાસ્ત પ્રતિવાદીની સામે નવેસરથી વોરંટ ઇશ્યુ કરતા દરખાસ્ત વાદી હાજર ના હોય વોરંટની બજવણી થઇ શકેલ નથી તેવા શેરા સાથે તે વોરંટ પરત ફરેલ છે જે વોરંટ આંક–૦૭ થી રજુ થયેલ છે. વધુમાં આજરોજ પણ દરખાસ્ત વાદી કે તેઓ તરફે કોઇ હાજર થયેલ નથી કે તેઓ શુ કારણથી દરખાસ્ત પ્રતિવાદીની સામેના જંગમ વોરંટની બજવણી માટે હાજર રહેલા નહી તે અંગેનો કોઇ ખુલાશો કરેલો નથી. આ ઉપરાંત Periyammal (Dead Thr. Lrs.) vs V. Rajamani And Anr. ઉપરાંતના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

*75. In view of the aforesaid, we direct all the High Courts across the country to call for the necessary information from their respective district judiciary as regards pendency of the execution petitions. Once the data is collected by each of the High Courts, the High Courts shall thereafter proceed to issue an administrative order or circular, directing their respective district judiciary to ensure that the execution petitions pending in various courts shall be decided and disposed of within a period of six months without fail otherwise the concerned presiding officer would be answerable to the High Court on its administrative side. Once the entire data along with the*

*figures of pendency and disposal thereafter, is collected by all the High Courts, the same shall be forwarded to the Registry of this Court with individual reports.*

આમ નામદાર સર્વોચ્ચ અદાલતે છ મહીનાની અંદર દરખાસ્ત પૂર્ણ કરવાનો નિર્દેશ આપેલ છે પરંતુ હાલના કામે રેકર્ડ જોવામાં આવે તો દરખાસ્ત વાદી દરખાસ્ત પ્રતિવાદીની સામેના જંગમ વોરંટની બજવણીની કામગીરીમાં હાજર રહેતા નથી કે અદાલતમાં પણ હાજર થતાં નથી. આમ દરખાસ્ત વાદીની ગેરહાજરીના કારણે આ કામ આગળ ચાલી શકતુ નથી. આમ દરખાસ્ત વાદીની ગેરહાજરીના કારણે હાલની દરખાસ્ત લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**ઃ::– હુકમ ઃ::–**

હાલની દરખાસ્ત રદ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તા.૦૭ મી, માહેઃ–એપ્રીલ, સનેઃ–૨૦૨૬** ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૦૭/૦૪/૨૦૨૬
સ્થળઃ–ગોંડલ.

**( મેહુલ દેવદાસભાઇ પરમાર)**
એડી.સીનીયર સીવીલ જજ,
ગોં ડ લ.
(GJ01036)